## // વાદીની આંક–૦૫ ની મનાઇ અરજી નીચે હુકમ //

---

**(૧)** વાદીએ હાલનો દાવો રૂ.૨૧,૦૦૦–૦૦ ના આંકથી માલિકી હક્ક સ્થાપન તેમજ કબજો પરત મેળવવાનો અને ખોટા કરાર ખત રદ બાતલ ઠરાવી આપવા તેમજ કાયમી મનાઇ હુકમ મેળવવાનો દાવો દાખલ કરી તે દાવાના કામે દાવાના આખરી નિકાલ સુધી વચગાળાનો મનાઇ હુકમ મેળવવા મનાઇ અરજી દાખલ કરેલ છે. હાલનો હુકમ વાદીની આંક–૦૫ ની વચગાળાના મનાઈ હુકમ અન્વયે જ કરવામાં આવતો હોય જેથી વાદીની આંક–૦૫ ની અરજીનુ અત્રે પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

**(૨)** સદર કામે પ્રતિવાદીને ધોરણસર પ્રોસેસની બજવણી કરતા પ્રતિવાદી તેઓના વિ. વ. શ્રી મારફતે હાજર થઈ વાદીની મનાઈ અરજીનો પ્રતિવાદીઓએ લેખિત જવાબ આંક–૧૩ થી રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, વાદીના દાવાને પક્ષકારની ખામી નડે છે તેમજ કોર્ટના કાર્યક્ષેત્ર બહારનો હોઈ અને સત્યથી વેગળી છે તે માનાવાને પાત્ર નથી.મોજે ગોઠવાની સીમના રે.સ.નં.૫૭૨ જુનો સ.નં.૧૧૬૧ પૈકી ૧ હે.આરો.ચો.મી ૦–૬૦–૫૯ જમીન ઠાકોર છનાજી રામાજી અને ઠાકોર મલાજી રામાજીની હોવાની હકીકત સર્વાશે ખરી નથી અને અમોને કબુલ નથી.સદર જમીન અમો પ્રતિવાદીઓની માલીકીની છે .ઠાકોર છનાજી રામાજી અને મલાજી રામાજીએ તેમની હયાતીમાં તા .૧૭/૧૦/૧૯૮૬ ના રોજ ઠાકોર કડવાજી શંકરજી જે અમો પ્રતિવાદીઓના પિતાશ્રી છે તેમને વેચાણ આપી કબજો સોપેલો છે અને ત્યારથી ૩૫ વર્ષથી સદર જમીનનો કબજો ભોગવટો વાદીઓની જાણમાં અમો પ્રતિવાદીઓ પાસે માલીક હક્કે આવેલો છે. સદર સર્વે નંબર ઉત્તરો ઉત્તર ઘણાં વર્ષોથી વાદીઓના વડીલો તરફથી વારસાઇ હક્કમાં ઉતરી આવેલાની હકીકત ખરી નથી અને અમોને કબુલ નથી.અમો પ્રતિવાદીઓએ સદર રે.સ.નં.માં કોઈ પણ માલીકીના આધાર સિવાય બીન અધિકૃત રીતે રે.સ.નં.૫૭૨ માં ગેરકાયદેસર અને ઘુષણખોટી કબજો ધરાવવા બાબતે વિગતવાર નોટીસ આપેલ જેનો અમોએ ઉડાઉ જવાબ આપેલ તે તમામ હકીકત ખરી નથી.વાદીઓના વડીલે વેચાણ લેખ કરી આપેલ અને પાકો વેચાણ દસ્તાવેજ આ લેખમાં જણાવ્યા મુજબ કરવાનો વાયદો કરેલો.વાદીઓએ અમોને જમીન રે.સ.નં.૫૭૨ નો રજી.દસ્તાવેજ નહી કરી આપી અમારી સાથે છેતરપીંડી તેમજ દગો કરેલ છે.અમો પ્રતિવાદીઓએ વાદીઓને દસ્તાવેજની ઝેરોક્ષ નકલ આપેલ છે તેમ છતાં દસ્તાવેજ આપેલ નથી તેવી ખોટી રજુઆત કરેલ છે.

વાદીઓના પિતાશ્રીને તેમજ વાદીઓને ઘણીવાર જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવતાં વાદીઓએ અમોને બધા ભેગા થઇએ ત્યારે દસ્તાવેજ કરી આપીશુ તેવા ખોટા ખોટા વાયદા કરેલા.વાદીઓના પિતાશ્રી અને વડીલશ્રીઓને તાત્કાલીક પૈસાની જરૂર હોવાથી પ્રતિવાદીઓના ઘરે આવેલા અને ખેતર વેચાણ રાખો એવી વાત કરતાં રે.સ.નં.૫૭૨ નો રૂ.૧૦/–ના સ્ટેમ્પ ઉપર તા.૧૭/૧૦/૧૯૮૬ ના રોજ એક વીઘાના રૂ.૮,૦૦૦/– (આઠ હજાર) કિમંત કરીને રૂ.૪,૦૦૦/– બાના પેટે રોકડા આપીને અભરામ નંદાવા (વેચાણ) નો સાક્ષીઓ રૂબરૂમાં (૧) ઠાકોર છનાજી રાંમાજી અને (૨) ઠાકોર મલાજી રાંમાજીએ સહીઓ કરી અભરામ નંદાવે (વેચાણ) થી રાખેલ છે અને વેચાણ કિંમત પેટે રૂ.૨૦,૦૦૦/– રોકડા આપેલા છે અને અમો પ્રતિવાદીઓના વડીલોને ભરોસો અને વિશ્વાસ આપેલો કે આપણે નક્કી કરેલી કિંમત પતી જશે એટલે અમો તમોને પાકો વેચાણ દસ્તાવેજ કરી આપીશુ.નક્કી કરેલી વેચાણ કિંમત વાદીઓના પિતાશ્રીને મળી જતાં વેચાણ દસ્તાવેજ નહી કરી આપતાં અમારી સાથે ગાદીર કરીને દગો તથા છેતરપીંડી કરેલ છે.તેમજ સદર સર્વે નં.૫૭૨ વાળી જમીન બીન અધીકૃત રીતે કબજામાં રાખી છે અને તેની જાણ વાદીઓને થતાં તા.૨૨/૧૦/૨૦ ના રોજ નોટીસ આપેલ અને તેનો અમો પ્રતિવાદીઓએ તા.૨/૧૧/૨૦ ના રોજ ઉડાઉ જવાબ આપેલો જેનો વાદીઓએ તા.૧૨/૧૧/૨૦ ના રોજ ખુલાસો કરી ૩૦ દિવસમાં કબજો નહી સોપતા કબજો પરત મેળવવા દાવાનુ કારણ ઉત્તપન્ન થયેલ છે જે હાલ ચાલુ છે તે તમામ હકીકતો ખરી નથી અને કબુલ નથી જેથી વાદીની મનાઇ અરજીમાં માંગલ દાદ નામંજુર કરી દાવો ખર્ચ સહ રદ્દ થવાને પાત્ર છે.

**(૨.૧)** સદર કામે પ્રતિવાદીએ વાદીઓ સામે આંક–૧૪ થી ઉપરોકત જવાબની હકીકતો અંગે કાઉન્ટર દાવો રજુ કરી મનાઇ હુકમ માંગેલ છે.જેમાં દાદ માંગેલ છે કે,

- દાવાના વાદીઓના પિતાશ્રીએ તા.૧૭/૧૦/૧૯૮૬ ના રોજ મોજે ગોઠવા તા.વિસનગરની સીમના રે.સ.નં. ૫૭૨ હે.આરે.ચો.મી. ૦–૬૦–૫૯ કાઉન્ટર દાવા અરજીના પેરા–૨ માં જણાવેલ ખુટં વર્ણન વાળી જમીન અમો પ્રતિવાદીઓના પિતાશ્રીને એક વીઘાના રૂ.૮,૦૦૦/– અંકે રૂપિયા આઠ હજાર નક્કી કરી અમોને વેચાણ આપવાનો લેખ–બાનાખત કરી આપી કબજો સોપેલો. રૂ.૪,૦૦૦/– અંકે રૂપિયા ચાર હજાર વાદીઓના પિતાશ્રીને આપેલા અને બાકીની રકમ ટુકડે ટુકડે આપી વેચાણ અવેજ ચુકત કરેલ છે તેમ છતાં વાદીઓને બાકીની વેચાણ કિંમત રૂ.૧૬,૦૦૦/– અંકે રૂપિયા સોળ હજાર અમો પ્રતિવાદીઓ પાસેથી લઇ અમો

પ્રતિવાદીઓને પાકો રજી. વેચાણ લેખ કરી આપે તેવો વાદીઓને હુકમ કરવા મે.કરશો.

- સદર કામના વાદીઓ દાવાવાળી જમીન બીજા અન્ય કોઈપણ ઇસમને વેચાણ, ગીરો, બક્ષિક કે અન્ય રીતે વેચે વેચાવે નહી તેવો વાદીઓને કાયમી મનાઇ હુકમ આપવા મે.થશે.

- સદર દાવાવાળી જમીન વાદીઓના પિતાશ્રીએ દાવા અરજીના પેરા–૨ માં જણાવ્યા મુજબ વેચાણ આપવાનુ નક્કી કરી વેચાણ લેખ–બાનાખત તા.૧૭/૧૦/૧૯૮૬ ના રોજ કરી આપી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીઓના પિતાશ્રીની સંમતિથી અને જાણમાં અમો પ્રતિવાદીઓના પિતાશ્રીનો થયેલ. આમ વાદીઓના પિતાશ્રી તથા વાદીઓની જાણમાં અને સંમતિથી સદર દાવાળી જમીનનો આશરે ૩૫ વર્ષથી અમારો માલીકી હક્કે કબજો ભોગવટો છે અને તેતી અમો પ્રતિવાદીઓ એડવર્સ પઝેશનથી પણ સદર જમીનના માલીક કબજેદાર છીએ તેવુ ઠરાવી આપવા હુકમ કરવા મે.થશે.

- વાદીઓ અમો પ્રતિવાદીઓ પાસેથી કબજો પડાવી લે નહી અમારા માલીકી કબજા ભોગવટામાં કોઈપણ જાતનો અવરોધ, હરકત, હેલો કરે કરાવે નહી અને અમો તેમાં ખેતી કરતા અટકાય અવરોધ કરે કરાવે નહી તેવો વાદીઓ તથા તેમના માણસો, નોકરો, એજન્ટોને કાયમી મનાઇ હુકમ આપવા હુકમ કરવા મે.થશે.

- આ દાવા સારૂ નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી હરેક આનુસંગિક દાદ અપાવવા હુકમ કરવા મે.કરશો.આ દાવાનુ ખર્ચ વાદીઓ પાસેથી અપાવો.

(૩) ત્યારબાદ સદર કામે વાદી તરફે પ્રતિવાદીઓના કાઉન્ટર સ્યુટ સામે આંક–૨૨ થી લેખિત જવાબ રજુ કરેલ છે અને પ્રતિવાદીઓના કાઉન્ટર દાવાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે પ્રતિવાદીઓના કાઉન્ટર સ્યુટની કોઇ દાદ વાદીઓને કબુલ નથી.તેથી પ્રતિવાદીઓના કાઉન્ટર સ્યુટ નામંજુર કરવાપાત્ર હોઇ નામંજુર કરવા વિનંતી છે તથા પ્રતિવાદીઓએ કરેલ ઇકરાર અને સોગંદનામા પણ ખોટા છે.વાદીઓનો દાવો કાયદેસરનો છે અને પ્રતિવાદીનુ બાનાખત બિનઅમલી હોઇ મુદત સમયમાં બાનાની રકમ ચુકવેલ નથી તથા પ્રતિવાદીની કોઇ માલીકીની દાવાવાળી જમીન નથી અને વાદીની માલિકીની જમીન છે તેથી વાદીઓના દાવાની હકીકત ખરી હોઇ વાદીઓના દાવાની

માગણી પ્રમાણેનુ હુકમનામુ કરવાપાત્ર હોઈ હુકમનામુ કરવા વિનંતી છે તથા પ્રતિવાદીઓનો કાઉન્ટર સ્યુટ નામંજુર કરવા વિનંતી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદી ઓના જણાવેલ કાઉન્ટર સ્યુટમાં સને ૧૯૮૬ ના નોન રજીસ્ટરર્ડ અને ઘર ખાનગી લખાણ જેની પુરી રકમ નિયત સમયમાં ચુકવી નથી અને તેનો અમલ સને ૨૦૨૧માં કરવાનો કાઉન્ટર સ્યુટ સ્પષ્ટ મુદત બહારનો છે તેની રદ કરવો જોઇએ અને ૩૬ વર્ષ બાદ બાનાખતના અમલ માટે દાદ માંગી શકાય નહી. આમ પ્રતિવાદીનો કાઉન્ટર સ્યુટ પ્રથમ દર્શનીય રદ કરવાપાત્ર હોઈ રદ કરવો જોઈએ તેવી અરજ કરેલ છે.

(૪) વાદી તર્ફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| અનુ.નં. | નિશાની | વિગત |
|---|---|---|
| ૧ | ૪/૧ | ઠા.મગનજી છનાજી તથા વિગેરેનુ પાવર ઓફ એટર્ની |
| ૨ | ૪/૨ | ઠા.કલીબેન રેવાજી વિગેરેનુ પાવર ઓફ એટર્ની |
| ૩ | ૪/૩ | મોજે ગોઠવા તા.વિસનગરના સર્વે નં.૫૭૨ નો ગામ નમુના નં.૭ |
| ૪ | ૪/૪ | મોજે ગોઠવા તા.વિસનગરના ખાતા નં.૨૮૩ નો ગામ નુમના નં.૮ અ |
| ૫ | ૪/૫ | મોજે ગોઠવા તા.વિસનગરના સર્વે નં.૫૭૨ નો ગામ નમુના નં.૧૨ |
| ૬ | ૪/૬ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૭૯૨૩ તા.૧/૫/૧૫ |
| ૭ | ૪/૭ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૪૭૬ |
| ૮ | ૪/૮ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૧૯૩૫ |
| ૯ | ૪/૯ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૪૬૮૭ |
| ૧૦ | ૪/૧૦ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૫૮૪૪ |
| ૧૧ | ૪/૧૧ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૬૮૧૨ |
| ૧૨ | ૪/૧૨ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૧૯૩૫ |
| ૧૩ | ૪/૧૩ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૭૯૨૩ |
| ૧૪ | ૪/૧૪ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૭૯૩૪ |

| | | |
|---|---|---|
| ૧૫ | ૪/૧૫ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૮૦૯૩ |
| ૧૬ | ૪/૧૬ | મોજે ગોઠવા તા.વિસનગરના ગામના નમુના નં.૬ ના હકક પત્રકની નોધ નં.૮૧૮૭ |
| ૧૭ | ૪/૧૭ | તા.૨૨/૧૦/૨૦ ના રોજ (૧) ઠા.બકાજી કડવાજી (૨) ઠા.મુકેશજી કડવાજી (૩) ઠા.વિક્રમજી કડવાજી ને આપેલ નોટીસની સ્થળપ્રત |
| ૧૮ | ૪/૧૮ | (૧) ઠા.બકાજી કડવાજી (૨) ઠા.મુકેશજી કડવાજી (૩) ઠા.વિક્રમજી કડવાજી થયેલ કાનુની નોટીસની આર .પી.એડી કરેલ તેની પોષ્ટની સ્લીપો–૩ |
| ૧૯ | ૪/૧૯ | ઠા.બકાજી કડવાજી સદર આર .પી.એડીની નોટીસ બજયા અંગેની આર.પી.એડીની સ્લીપ |
| ૨૦ | ૪/૨૦ | મુકેશજી કડવાજી સદર આર .પી.એડીની નોટીસ બજયા અંગેની આર.પી.એડીની સ્લીપ |
| ૨૧ | ૪/૨૧ | ઠા. વિક્રમજી કડવાજીને સદર આર.પી.એડીની નોટીસ બજયા અંગેની આર.પી.એડીની સ્લીપ |
| ૨૨ | ૪/૨૨ | પંકજ એસ.પટેલ એડવોકેટ મારફતે તા.૨/૧૧/૨૦ ના રોજ તા.૨૨/૧૦/૨૦ ની નોટીસનો આર.પી.એડીથી આપેલ જવાબ |
| ૨૩ | ૪/૨૩ | પંકજ એસ.પટેલ એડવોકેટ મારફતે તા.૨/૧૧/૨૦ ની નોટીસનો જવાબ તથા પ્રતિનોટીસ તા.૧૨/૧૧/૨૦ ની સ્થળપ્રત |
| ૨૪ | ૪/૨૪ | તા.૧૨/૧૧/૨૦ ની પ્રતિનોટીસ તથા જવાબ આર.પી.એડી કરેલ તેની પોષ્ટની અસલ પાવતીઓ–૩ |
| ૨૫ | ૪/૨૫ | ઠા.બકાજી કડવાજીને તા.૧૨/૧૧/૨૦ ની આર.પી.એડી.થી નોટીસ બજયા અગેની આર.પી.એડીની સ્લીપ |
| ૨૬ | ૪/૨૬ | ઠા.મુકેશજી કડવાજીને તા.૧૨/૧૧/૨૦ ની આર.પી.એડી.થી નોટીસ બજયા અગેની આર.પી.એડીની સ્લીપ |
| ૨૭ | ૪/૨૭ | ઠા.વિક્રમજી કડવાજીને તા.૧૨/૧૧/૨૦ ની આર.પી.એડી.થી નોટીસ બજયા અગેની આર.પી.એડીની સ્લીપ |
| ૨૮ | ૪/૨૮ | પંકજ એસ.પટેલ એડવોકેટ મારફત તા.૧૨/૧૧/૨૦ ની નોટીસનો લેખીત જવાબ તથા પ્રતિનોટીસ તા.૮/૧૨/૨૦ |
| ૨૯ | ૪/૨૯ | ઠા.મગનજી છનાજીના આધાકાર્ડની નકલ |
| ૩૦ | ૪/૩૦ | ઠા.અમૃતજી છનાજીના આધાકાર્ડની નકલ |
| ૩૧ | ૪/૩૧ | ઠા.હાથીજી છનાજીના આધાકાર્ડની નકલ |
| ૩૨ | ૪/૩૨ | સરલાબેન તા.૨૩/૬/૨૧ ના રોજ મરણ ગયેલ તોના મરણનો દાખલો |
| ૩૩ | ૪/૩૩ | બઇબાબેન તા.૨૪/૧/૨૦ ના રોજ મરણ ગયેલ તોના મરણનો દાખલો |
| ૩૪ | ૪/૩૪ | સોમાજી તા.૧૪/૧૦/૧૯ ના રોજ મરણ ગયેલ તોના મરણનો દાખલો |

| | | |
|---|---|---|
| ૩૫ | ૪/૩૫ | ઠા. વરસંગજી કડવાજીનાં આધારકાર્ડની નકલ |
| ૩૬ | ૪/૩૬ | ઠા. મુકેશજી કડવાજીનાં આધારકાર્ડની નકલ |
| ૩૭ | ૪/૩૭ | સીતાબેન દીલીપજીનાં આધારકાર્ડની નકલ |
| ૩૮ | ૪/૩૮ | ઠા. કલીબેન રેવાજીનાં આધારકાર્ડની નકલ |
| ૩૯ | ૪/૩૯ | ઠા. વસંતીબેન રેવાજીનાં આધારકાર્ડની નકલ |
| ૪૦ | ૪/૪૦ | ઠા. પાયલબેન રેવાજીનાં આધારકાર્ડની નકલ |
| ૪૧ | ૪/૪૧ | ઠા. ગણેશજી રેવાજીનાં આધારકાર્ડની નકલ |
| ૪૨ | ૨૮/૧ | પ્રતિવાદી નં.૧ તથા ૩ નાએ પ્રતિવાદી નં.૨ ને કુલમુખત્યાર પત્ર તા.૨૦/૯/૨૦૨૧ ના રોજ નોટરી રૂબરૂ કરી આપેલ તે અસલ |
| ૪૩ | ૨૮/૨ | તા.૧૭.૧૦.૮૬ ના રોજ ઠા. છનાજી રામાજી તથા ઠા .મલાજી સોમાજીએ મોજે ગોઠવાની સમીના રે.સ.નં.૫૭૨ જુનો સ.નં.૧૧૬૧ પૈકી ૧ હે.આરે.૦–૬૦–૫૯ ચો.મી. જમીન અમો પ્રતિવાદીઓના વડીલ ઠાકોર કડવાજી શંકરજીને કુલ અભરામ નંદાવા વેચાણ લેબ કરી આપેલ તે લેબની ઝેરોક્ષ નકલ |

(૫) પ્રતિવાદી તર્ફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**દસ્તાવેજી પુરાવો**

| અ. નં. | માર્ક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૮/૧ | પ્રતિવાદી નં.૧ તથા ૩ નાએ પ્રતિવાદી નં.૨ ને કુલમુખત્યારપત્ર તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજ નોટરી રૂબરૂ કરી આપેલ તે અસલ |
| ૨ | ૨૮/૨ | તા.૧૭/૧૦/૧૯૮૬ ના રોજ ઠાકોર છનાજી રામાજી તથા ઠાકોર મલાજી રામાજીએ મોજે ગોઠવાની સીમના રે.સ.નં.૫૭૨ જુનો સ.નં.૧૧૬૧ પૈકી ૧ હે.આરે.૦.૬૦.૫૯ ચો.મી. જમીન પ્રતિવાદીઓના વડીલ ઠાકોર કડવાજી શંકરજીને કુલ અભરામ નંદાવા વંચાણ કરી આપેલ તે લેબની ઝેરોક્ષ નકલ |

(૬) આ કામમાં હાલની અરજીની સુનાવણી અર્થે વાદીના વિ.વ.શ્રીની આંક–૨૭ થી લેખિત દલીલો તથા પ્રતિવાદીના વિ.વ.શ્રીની આંક–૨૯ થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી તથા મૌખિક દલીલો સાંભળી તથા રજુ થયેલ ચુકાદા ધ્યાને લીધા.

(૭) સદર કામે પક્ષકારોના પ્લીડીગ્સ ધ્યાને લેતાં હાલની અરજીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## // મુદ્દાઓ //

(૧). શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું સાબિત કરે છે?

(૨). શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?

(૩). શું વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં ના આવે તો, તેઓને નાણામાં ભરપાઇ ના થઇ શકે તેવુ નુકશાન થાય તેમ છે?

(૪). શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ થાય છે.

(૧) ન કારમાં,

(૨) ન કારમા,

(૩) ન કારમા,

(૪) આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

**(૮) <u>મુદ્દા નં. ૧ થી ૩ :–</u>**

હાલના કામે મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય એકની એક હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુસર ત્રણે મુદ્દાઓની એક સાથે સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

હાલના કામે વાદીના દાવાનુ સ્વરુપ તથા માંગવામા આવેલ દાદને નજર સમક્ષ રાખતા તથા મનાઈહુકમો વિશે કરવામા આવેલ કાયદાકીય જોગવાઈ જોવામા આવે તો મનાઈ હુકમો અંગે સ્પેશીફીક રીલીફ એકટની કલમ ૩૭ મા જોગવાઈ કરવામા આવેલ છે અને તે અનુસાર કલમ ૩૭ (૧) અને ૩૭ (૨) નો ઉલ્લેખ કરવો અત્રે જરુરી જણાતો હોય તે તે કાયદાકીય જોગવાઈ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

**કલમ– ૩૭(૧) –** કામચલાઉ મનાઈ હુકમ એવા હોય કે જે નિષ્ચીત સમય સુધી અથવા

અદાલતનો બીજો હુકમ થતા સુધી અમલમા રહે, અને તે દાવાના કોઈપણ તબકકે મંજુર થઈ શકે, અને તેનુ નિયંત્રણ સી.પી.સી.૧૯૦૮ ની જોગવાઈ અનુસાર થાય છે.

**કલમ– ૩૭(૨) –** કાયમી મનાઈ હુકમ ફકત દાવાની સુનાવણી બાદ અને ગુણદોષ ઉપર હુકમનામાથી મંજુર થઈ શકે, પ્રતિવાદીને તેનાથી શાસ્વત કાળ માટે હકકનો ઉપયોગ કરતા અટકાવવામા આવે કે જે વાદીના હકકોને પ્રતિકુળ છે.

આ ઉપરાંત આ કામે વાદીએ હાલની અરજી વચગાળાના મનાઈહુકમ મેળવવા દાખલ કરેલ હોય તે સંજોગોમા કામચલાઉ મનાઈ હુકમ અને વચગાળાના મનાઈહુકમ બાબતે દીવાની કાર્યરીતિ અધિનિયમમા કરવામા આવેલ જોગવાઈ જોવામા આવે તો ઓર્ડર ૩૯મા નિચે મુજબની જોગવાઈ કરવામા આવેલ છે.

*ઓર્ડર –:૩૯ રૂલ ૧–: જેમા કામચલાઉ મનાઈહુકમ આપી શકાય તેવા કેસ :–*

કોઈપણ દાવામા સોગંદનામાથી અથવા બીજી રીતે એવુ સાબિત થાય કે,–

(ક) દાવાનો ***કોઈપણ પક્ષકાર દાવામાની કોઈપણ તકરારી મિલકત વેડફી નાંખી કંઈ નુકસાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજાવણીમા તે ગેરવાજબી રીતે વેચાશે*** એવી દહેશત છે , અથવા

(ખ) પોતાના લેણદારોને દગો દેવાના ઉદેશથી પ્રતિવાદી પોતાની મીલકત ખસેડવાની અથવા તેનો નિકાલ કરી નાખવાની બીક બતાવે છે , અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે, અથવા

(ગ) દાવામા **તકરારી મીલકતના સંબંધમા,વાદીનો કબ્જો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકસાન પહોચાડવાની પ્રતિવાદી ધમકી** આપે છે.

ત્યારે હુકમ કરીને ન્યાયાલય એવુ કાર્ય થતુ અટકાવવા માટે કામચલાઉ મનાઈહુકમ આપી શકશે અથવા તે દાવાનો નિકાલ થતા સુધી અથવા બીજો હુકમ થતા સુધી, તે મીલકત વેડફાઈ જતી હોય તે,તેને નુકસાન થતુ હોય તે બીજાને આપી દેવાતી હોય, તે વેચાતી હોય તે, ખસેડાતી હોય તે, અથવા તેનો નિકાલ થતો હોય તે બંધ રખાવવા તથા અટકાવવા માટે, અથવા દાવામાની તકરારી મીલકતના સંબંધમા વાદીનો કબ્જો છોડાવી દેવા અથવા અન્યથા નુકસાન પહોચાડવા માટે, પોતાને યોગ્ય લાગે તેવો બીજો

હુકમ કરી શકશે.

(૯) ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ હાથ પરની અરજી અને વાદી દવારા કરવામા આવેલ કથનોની મુલવણી અને વાદીના દાવાનુ સ્વરૂપ જોવામા આવે તો વાદી દ્વારા પ્રતિવાદી સામે રૂ.૧૩૨–૦૦ ના આંકથી કાયમી હક્ક સ્થાપન તેમજ વહેચણી કરવાનો દાવો તથા કાયમી મનાઈ હુકમ મેળવવા સી.પી.સી. ઓ.૩૯ રૂલ ૧ અનુસાર હાલની અરજી કરેલ છે.

હાલના કામે વાદીનો કેસ છે કે દાવાવાળી મિલ્કત રેવન્યુ સર્વે નંબર ૫૭૨ વાદીઓના વડીલ છનાજી રામાજી અને ઠાકોર મલાજી રામાજી તરફથી વારસાઇ હક્કો ઘણા વર્ષોથી વાદીઓના માલિકી હક્કે ચાલતી આવે છે. હાલના કામે દાવા તથા આંક–૫ ની મનાઇ અરજીના પેરા–૩ માં વાદીએ જણાવેલ છે કે આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી મિલ્કત ઉપર બિનઅધિકૃત કબજો કરેલ છે.

આમ ઉપરોક્ત હકીકતે વાદી હાલના કામે પ્રતિવાદીઓનો બિનઅધિકૃત કબજો છે તેવું જણાવે છે પરંતું ક્યારથી પ્રતિવાદીઓનો દાવાવાળી મિલ્કત ઉપર કબજો છે? તે અંગે વાદી કોઇ હકીકત જણાવતા નથી. આમ કેટલા સમયથી પ્રતિવાદીઓનો દાવાવાળી મિલ્કત ઉપર કબજો છે તે અંગેની મહત્વની હકીકત વાદી છુપાવે છે. આમ વાદી મહત્વની હકીકતો છુપાવતા હોઇ તે સંજોગોમાં લો ઓફ ઇક્વીટી પ્રમાણે વાદી ચોખ્ખા હાથે આવેલ નથી તેવું જણાઇ આવે છે.

(૧૦) હાલના કામે દાવાવાળી મિલ્કતના રેવન્યુ રેકર્ડ વાદી તરફે માર્ક– ૪/૩ થી ૪/૧૬ સુધી રજુ કરેલા છે જે ધ્યાને લેતાં ફલીત થાય છે કે રેવન્યું રેકર્ડમાં આ કામના વાદીઓના નામ ચાલે છે. હાલના કામે વાદી વકીલશ્રી દલીલ છે કે રેવન્યું રેકર્ડ ધ્યાને લેતાં વાદીઓના વડીલો વખતથી દાવાવાળી મિલ્કત વાદીઓના નામે વારસાઇ માલિકી હક્કે ચાલે છે તેવું વાદી તરફે પ્રથમદર્શનિય રીતે રેકર્ડ ઉપર લાવેલ છે. હાલના કામે પ્રતિવાદી તરફે વિવશ્રી સી.એમ.પટેલની દલીલ છે કે રેવન્યું રેકર્ડ તે માલિકીનો પુરાવો નથી આમ રેવન્યું રેકર્ડ વાદીઓના નામે ચાલે છે જેથી વાદી માલિક છે તેવું સાબિત થઇ શકે નહી.

બંન્ને પક્ષોની ઉપરોક્ત દલીલ ધ્યાને લીધી. હાલના કામે દાવાવાળી મિલ્કતના રેવન્યું રેકર્ડ વાદીઓના નામે ચાલતા હોઇ જેથી તે સંજોગોમાં વાદીઓની ગેરહાજરીમાં પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કત કોઇને ટ્રાન્સ્ફર કરે, વેચાણ કરે કે કોઇપણ રીતે તબદીલ કરે તેવા સંજોગો નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઘણા ચુકાદાઓમાં ઠરાવેલ છે કે રેવન્યું રેકર્ડ તે માલિકીનો પુરાવો નથી. આમ દાવાવાળી મિલ્કતના રેવન્યું રેકર્ડ વાદીઓના નામે હોઇ તે આધારે વાદીઓની માલિકી છે તેવી દલીલ હાલના તબક્કે ટકવાપાત્ર નથી.

હાલના દાવામાં વાદી તરફે સ્વીકૃત છે કે દાવાવાળી મિલ્કત ઉપર પ્રતિવાદીઓનો કબજો છે. આમ દાવાવાળી મિલ્કત ઉપર પ્રતિવાદીઓનો કબજો છે અને આ કબજો ક્યારથી છે તે મહત્વની હકીકત વાદી તરફે છુપાવેલ હોય જેથી ઉપરોક્ત સંજોગોમાં વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાતો નથી.

**(૧૧)** હાલના કામે પ્રતિવાદી તરફે માર્ક–૨૮/૨ વાળા દસ્તાવેજ ઉપર આધાર રાખીને દાવાવાળી મિલ્કત તેમના માલિકી કબજાની છે તેવી દલીલ કરેલ છે. હાલના કામે વાદીના વિવશ્રીની દલીલ છે કે, માર્ક–૨૮/૨ વાળો દસ્તાવેજ કાયદેસરનો નથી વધુમાં આ દસ્તાવેજ પ્રતિવાદી દ્વારા જવાબની સાથે રજુ કરેલ હતો નહી અને પાછળથી રજુ કરેલ છે, જો આવો કોઇ દસ્તાવેજ પ્રતિવાદીઓ પાસે પહેલેથી હતો તો શા માટે મુદ્દત સમયની અંદર તે દસ્તાવેજ અમલ કરાવવા અંગેની કોઇ કાર્યવાહી કરેલ નથી જેથી વાદી વશ્રીની દલીલ છે કે આ દસ્તાવેજ કાયદેસરનો નથી અને ફ્રોડ રીતે ઉભો કરેલ હોય તેવું જણાતું હોય તેના ઉપર હાલના તબક્કે આધાર નહી રાખવા અરજ કરેલ છે.

હાલના કામે પ્રતિવાદીના વિવશ્રીની દલીલ છે કે દાવાવાળી મિલ્કત ઉપર ૧૯૮૬ થી પ્રતિવાદીનો કબજો હોઇ અને વાદી તે કબજા અંગે ૩૫ વર્ષ પછી તકરાર લેતા હોઇ વાદીની તકરાર ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

બંન્ને પક્ષોની ઉપરોક્ત રજુઆતો ધ્યાને લીધી. હાલના કામે પ્રતિવાદીનો કેસ છે કે તેમનો દાવાવાળી મિલ્કત ઉપર સને ૧૯૮૬ થી કબજો છે. હાલના કામે સને ૧૯૮૬ થી પ્રતિવાદીનો કબજો છે તે અંગે પ્રતિવાદીએ માર્ક–૨૮/૨ વાળા દસ્તાવેજ ઉપર આધાર રાખેલ છે. હાલના કામે પ્રતિવાદી તરફે માર્ક–૨૮/૨ થી રજુ કરેલ દસ્તાવેજ કાયદેસરનો છે કે કેમ તે પુરાવાનો વિષય છે જેથી તે દસ્તાવેજની કાયદેસરતા કે ગેરકાયદેસરતા અંગે હાલના આંક–૫ ના તબક્કે કોઇ નિર્ણય થઇ શકે નહી. આમ હાલના પ્રાથમિક તબક્કે

માર્ક–૨૮/૨ વાળો દસ્તાવેજ વંચાણે લેતાં તેમાં દાવાવાળી મિલ્કત અંગેના વેચાણ વ્યવહારની હકીકતો લખેલ છે અને તેમાં વેચાણ અંગે પાકો રજીસ્ટર દસ્તાવેજ કરાવી લેવો તેવો ઉલ્લેખ છે વધુમાં આ દસ્તાવેજમાં તારીખ ૧૭/૧૦/૧૯૮૬ લખેલ છે અને સદરહું દસ્તાવેજ અન–રજીસ્ટર્ડ રૂ.૧૦/– ના સ્ટેમ્પ ઉપર લખેલો છે.

આમ માર્ક–૨૮/૨ વાળો દસ્તાવેજ તારીખ ૧૭/૧૦/૧૯૮૬ ના રોજનો અન–રજીસ્ટર્ડ દસ્તાવેજ હોઈ જેથી હાલના તબક્કે આ દસ્તાવેજના આધારે પ્રતિવાદીની માલિકી છે તેવું પ્રથમ દર્શનિય રીતે પ્રસ્તાપિત થતું નથી.

હાલના કામે વાદી તથા પ્રતિવાદી બંન્ને તરફે તેમની દલીલોમાં તથા પ્લીડીંગમાં સમય મર્યાદાના બાધ અંગેનો મુદ્દો ઉઠાવેલ છે પરંતું સમય મર્યાદા અંગેનો મુદ્દો તે પુરાવાનો વિષય છે. આમ હાલના કામે વાદી અને પ્રતિવાદી બંન્નેના પ્લીડીંગ તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં વાદીનો દાવો અને પ્રતિવાદીનો કાઉન્ટર ક્લેઇમ સમય મર્યાદામાં છે કે કેમ તે અંગે હાલના કામે પ્રાથમિક મુદ્દો ઘડવો જરૂરી છે.

ઉપરોકત તમામ ચર્ચા અને અવલોકનો આધારે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાતો નથી તથા સગવડ અગવડ ની સમતુલા અને નાણામાં ન ભરી શકે તેવુ નુકશાન પણ વાદી ની તરફેણમાં નથી. જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકાર માં આપી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**–: હુ ક મ :–**

(૧) વાદીની હાલની આંક–૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨)આ અરજીનો ખર્ચ દાવાનાં આખરી નિકાલને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૨૮મી માહે એપ્રિલ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.વિસનગર

(શ્રીમતી ચાંદની યુવરાજસિંહ જાડેજા)
એડી.સીવીલ જજ, વિસનગર
જી.જે.૦૧૩૪૫